એકમ 6

# વિષય મથાળાં

## રૂપરેખા

6.0 ઉદ્દેશો

6.1 પ્રસ્તાવના

6.2 વિષય મથાળાં

6.2.1 વિષય મથાળાંની વિભાવના

6.2.1.1 વિષય સૂચિકરણનો અર્થ

6.2.1.2 વિષયસૂચિના હેતુઓ

6.2.1.3 વિષયસૂચિના પ્રકારો

6.2.2 વિષય શીર્ષક મથાળાંની પસંદગી

6.2.3 વિષય શીર્ષક મથાળાંની જરૂરિયાત

6.2.4 વિષય શીર્ષક મથાળાંના નિયમો

6.2.5 વિષય મથાળાંના મૂળભૂત સિદ્ધાંતો

6.2.5.1 સામાન્ય પ્રયોગ / વપરાશ

6.2.5.2 મથાળાંમાં એકરૂપતા

6.2.5.3 પ્રત્યક્ષ તથા વિશિષ્ટ નોંધ

6.2.5.4 નામાંતર સંદર્ભો

6.3 વિષયના મથાળાં મેળવવાની પદ્ધતિઓ

6.3.1 લાયબ્રેરી ઓફ કોંગ્રેસ સબ્જેક્ટ હેડિંગ્સ

6.3.2 સિયર્સ લિસ્ટ ઓફ સબ્જેક્ટ હેડિંગ્સ

6.4 વિષય મથાળાં કેવી રીતે મેળવવા જોઈએ ?

6.4.1 વિષયમથાળાંનું વ્યાકરણ

6.4.2 મિશ્ર વિષય મથાળાં

6.4.3 સ્વરૂપ દ્વારા ઉપ-વિભાવના

6.4.4 સ્થળ દ્વારા ઉપ-વિભાવના

6.4.5 વિષય દ્વારા સ્થળોના નામોને ઉપ-વિભાજીત કરવા

6.5 વિષય મથાળાંની યાદીઓ

6.5.1 સામાન્ય વિષય મથાળાં સૂચિઓ

6.5.2 વિશિષ્ટ વિષય મથાળાં સૂચિઓ

6.6 વિષય મથાળાં યાદીઓની મર્યાદાઓ

**6.7 SLSH નો પરિચય**

**6.7.1 પ્રસ્તાવના**

**6.7.2 SLSH ના હેતુઓ**

**6.7.3 SLSH ની સંરચના અને બંધારણ**

**6.7.3.1 SLSH નાં મુખ્ય મથાળાં**

**6.7.3.2 સામાન્ય ઉપયોગના ઉપવિભાગ**

**6.7.3.3 શીર્ષક / મથાળાં**

**6.7.3.4 Symbols used in SLSH**

**6.7.3.5 વિષમ મથાળાંની સાથે દશાંશ વર્ગીકરણનો પ્રયોગ**

**6.8 SLSH માં દર્શાવેલા ઉદાહરણો**

**6.9 સારાંશ**

**6.10 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**6.11 ચાવીરૂપ શબ્દો**

**6.12 સંદર્ભો અને વિશેષ વાંચન**

## 6.0 ઉદ્દેશો (Objectives)

ગ્રંથાલયમાં સંગ્રહિત ગ્રંથસંગ્રહમાંથી વિષય અનુસાર માહિતી મેળવવા માટે આજના વિજ્ઞાન અને ટેક્નોલોજી યુગમાં વિષયસૂચિ એક મહત્ત્વનું સાધન છે. ઉપભોક્તાઓના વિષય–અભિગમને સંતોષવા માટે અન્ય સૂચિ કરતાં વિષય સૂચિ એ વધુ મહત્ત્વ ધરાવે છે. તે માટેના વિવિધ હેતુઓ નીચે મુજબ છે.

1. વિષય મથાળાંની વિભાવનાઓ અર્થ, હેતુઓ, પસંદગી અને નિયમો વર્ણવવામાં આવેલ છે.
2. વિષય મથાળાંની જરૂરિયાત, મૂળભૂત સિદ્ધાંતો અને પ્રકારો દર્શાવવામાં આવેલ છે.
3. વિષય મથાળાં કેવી રીતે મેળવવા જોઈએ તે આવેલ છે અને તે માટેના ઉદાહરણો સ્પષ્ટ કરવામાં આવ્યા છે.

## 6.1 પ્રસ્તાવના (Introduction)

ગ્રંથાલયમાં આવતા તમામ ઉપભોક્તાઓની માંગ સંતોષવા માટે સૂચિકરણની પ્રક્રિયા મહત્ત્વની બને છે. ઉપભોક્તાઓનો અભિગમ પુસ્તકના કર્તા (Author), શીર્ષક (Title) સંબંધી હોય છે ત્યારે તે સીધો સૂચિ (Catalogue) સુધી પહોંચીને જાણી શકે છે કે તેમને જોઈતું પુસ્તક ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે કે નહીં. પરંતુ ગ્રંથાલયમાં આવતા તમામ વાચકોનો અભિગમ પુસ્તકોના કેટલાક ચોક્કસ વિષય સંબંધી હોય છે. તેઓ પુસ્તકના કર્તા (Author), શીર્ષક (Title) માં રસ નથી ધરાવતા, પરંતુ તેમને અભ્યાસમાં, સંશોધનમાં ઉપયોગી ચોક્કસ વિષયના પુસ્તકોની જરૂરિયાત હોય છે. તેઓની આ માંગને કેન્દ્ર સ્થાને રાખતા સૂચિકારે હંમેશા ધ્યાનમાં રાખવું જોઈએ કે કોઈ વિષય ઉપરના પુસ્તકોની શોધ કરવા માટેની રીતો અને તે માટેના ઉપાયો પૂરી પાડવા આને વિષય સૂચિકરણ કહેવામાં આવે છે.

સૂચિકાર માટે સૂચિકરણનું સૌથી અઘરું કાર્ય છે વિષય મથાળાં કેવી રીતે મેળવવા, તૈયાર કરવા જોઈએ તે માટેનું જ્ઞાન હોવું જોઈએ. તે માટેની વિષય મથાળાંની યાદીઓ સંપાદિત કરવામાં

આવે. તેનાથી પણ સૂચિકારોની સંપૂર્ણ જરૂરિયાતોની પૂર્તિ નથી કરી શકાતી. તેનું કારણ એ છે કે પશ્ચાત–સમન્વિત વિષય મથાળાં (Post-Coordinate Subject Headings) ઉપર વધુ ભાર મૂકવામાં આવે છે. આ એકમમાં તમે LCSH અને SLSH જેવાં (Pre-Coordinate) પૂર્વ-સમન્વિત આધારિત વિષય મથાળાંનો અભ્યાસ કરશો.

એક સૂચિકાર તરીકે તમે જ્યારે સૂચિકરણનું કાર્ય કરતા હોય તે સમયે વિષય મથાળું તૈયાર કરવા માટે તમે જે પુસ્તકનું સૂચિકરણ કરી રહ્યાં છો તેનું પરીક્ષણ કરો, તેના વિષય વસ્તુનો અભ્યાસ કરો અને એ સમજવાનો પ્રયાસ કરો કે તે કયા વિષય સાથે સંબંધિત છે અને ત્યારબાદ એક યોગ્ય શબ્દ અથવા વાક્યાંશ (Phrase) પસંદ કરો કે જેને તમે વિષય તરીકે અભિવ્યક્ત કરી શકો.

| | | |
|---|---|---|
| દા. ત., | વિષય (Subject) | વિષય શીર્ષક (Subject Heading) |
| | Public Library | Library, Public |
| | Primary Education | Education, Primary |

એક જ પુસ્તક એકથી વધુ વિષયો સાથે સંકળાયેલા હોઈ શકે છે. આવા કિસ્સાઓમાં તમારે તે પુસ્તકની માંગને ધ્યાનમાં લઈ વધુ વિષય નોંધો તૈયાર કરવી જોઈએ. આથી સાબિત થાય છે કે સૂચિકરણ માટે વિષય મથાળાંનું નિર્ધારણ એ સૂચિકરણનું એક મહત્ત્વપૂર્ણ કાર્ય બને છે.

## 6.2 વિષય મથાળાં (Subjected Headings) :

### 6.2.1 વિષય મથાળાંની વિભાવના :

સૂચિ નોંધમાં વિષયને શાબ્દિક પદોમાં દર્શાવતી વિગત કે મથાળાંને વિષય મથાળાં તરીકે ઓળખવામાં આવે છે. વિષયનામ નોંધ (Subject Entry) કે વિષય સૂચક નોંધમાં તે અગ્રરેખા ઉપર દર્શાવવામાં આવે છે.

તમામ વિષયનામ નોંધોને એક જ વર્ણાનુક્રમે એક સાથે ગોઠવતાં તે સૂચિ વિષય સૂચિ તરીકે ઓળખાય છે.

ગ્રંથના વર્ગાંકને આધારે વિષય શીર્ષક મેળવવામાં આવે છે. કોઈપણ ગ્રંથ અથવા પુસ્તકની બનાવવામાં આવતી વિષયનામ નોંધોને વ્યવસ્થિત ક્રમમાં ગોઠવવામાં આવેલ સૂચિને વિષયસૂચિ તરીકે ઓળખવામાં આવે છે.

#### 6.2.1.1 વિષય સૂચિકરણનો અર્થ (Meaning of Subject Catalogues) :

વિષય સૂચિકરણનો અર્થ થાય છે 'એ વિષય પ્રક્રિયા કે જેના દ્વારા સૂચિકૃત ગ્રંથમાં સમાવિષ્ઠ વિષયનું નિર્ધારણ કર્યા બાદ, સૂચિકરણકાર તેનાં માટેનું યોગ્ય વિષય શીર્ષક પસંદ કરી, તે શીર્ષકને વર્ણાનુક્રમિક આધારે ગ્રંથની વિષયાત્મક સૂચિ પ્રસ્તુત કરે છે. જેનો મૂળ હેતુ વાચકના વિષય અભિગમની પૂર્તિ કરવાનો છે.

#### 6.2.1.2 વિષયસૂચિના હેતુઓ (Objectives of Subject Catalogues) :

- કોઈ એક વિશેષ વિષય ઉપર પુસ્તકાલયમાં કેટલા અને કયા કયા પુસ્તકો ઉપલબ્ધ છે.
- વિષય અભિગમ સાથે પ્રવેશતા વાચકને તેનું ઈચ્છિત પુસ્તક મેળવવામાં સહાયતા પ્રદાન કરવી.
- કોઈ એક વિષયમાં પુસ્તકાલયની સદ્ધરતા કે નિર્બળતા જાણવી.

#### 6.2.1.3 વિષયસૂચિના પ્રકારો (Types of Subject Catalogues) :

મીના અર્લ સિયર્સના મત અનુસાર "વિષયસૂચિ શીર્ષકના એક સ્વરૂપની અંતર્ગત, પુસ્તકાલયમાં ઉપલબ્ધ કોઈ વિષયથી સંબંધિત સમગ્ર ગ્રંથો / પુસ્તકોને સૂચિબદ્ધ કરવાનો પ્રયત્ન કરે છે."

વિષયસૂચિના પ્રકારો નીચે મુજબ છે :

- આનુવર્ણિક વિષયસૂચિ (Alphabetical Subject Catalogue)
  - (a) પ્રત્યક્ષ આનુવર્ણિક વિષયસૂચિ
  - (b) અપ્રત્યક્ષ આનુવર્ણિક વિષયસૂચિ
- આનુવર્ણિક વિષયસૂચિ (Classified Subject Catalogue)
- અનુવર્ણિક-વર્ગાત્મક વિષયસૂચિ (Alphabetical Classified Subject Catalogue)

ઉપરોક્ત પ્રકારોની વિસ્તૃત ચર્ચા નીચે મુજબ દર્શાવેલ છે :

**1. આનુવર્ણિક વિષયસૂચિ :**

આ સૂચિની અંદર આનુવર્ણિક નોંધો હોય છે જે પુસ્તકના વિષયને આધારે શીર્ષક પ્રાપ્ત કરો, તેને વર્ણાનુક્રમમાં વ્યવસ્થિત કરવામાં આવે છે. આ આનુવર્ણિક વિષયસૂચિના વિષય શીર્ષકો માટેની પ્રચલિત સૂચિ જેવી કે, "SLSH – સિયર્સ લીસ્ટ ઓફ સબ્જેક્ટ હેડિંગ્સ" અને "LCSH – લાયબ્રેરી ઓફ કોંગ્રેસ લિસ્ટ ઓફ સબ્જેક્ટ હેડિંગ"ને આધારે સૂચિનોંધોને નિશ્ચિત કરવામાં આવે છે. તેના બે પ્રકારો પડે છે જે નીચે મુજબ છે.

**(1) પ્રત્યક્ષ આનુવર્ણિક વિષયસૂચિ :** આ સૂચિનોંધમાં વિષયને પ્રત્યક્ષ સ્વરૂપે દર્શાવીને વિષય શીર્ષક તૈયાર કરવામાં આવે છે. તે નોંધોનો વ્યવસ્થિત કરવામાં મદદરૂપ થાય છે. જેમ કે,

| વિષય | વિષય શીર્ષક |
|---|---|
| Public Library | Library, Public |
| Primary Education | Education, Primary |

**(2) અપ્રત્યક્ષ આનુવર્ણિક વિષયસૂચિ :** આ સૂચિનોંધમાં વિષય શીર્ષકો અપ્રત્યક્ષ સ્વરૂપે દર્શાવીને, તે નોંધોને વ્યવસ્થિત કરવામાં આવે છે. જેમ કે;

| વિષય | વિષય શીર્ષક |
|---|---|
| Public Library | Library, Public |
| Primary Education | Education, Primary |

(2) **આનુવર્ણિક વિષયસૂચિ :** આ સૂચિમાં નોંધોને તેના વર્ગાંકને આધારે તૈયાર કરી વ્યવસ્થિત ક્રમમાં ગોઠવવામાં આવે છે. જેમ કે

| | |
|---|---|
| 22.55 | Cataloguing, Public Library, Library Science |
| | Public Library, Library Science |
| | Library Science |

(3) **આનુવર્ણિક વર્ગાત્મક વિષયસૂચિ :** આ સૂચિની અંદર તેના વિષય શીર્ષકો મુખ્ય વિષયની અંતર્ગત તૈયાર કરી વ્યવસ્થિત કરવામાં આવે છે. જેમ કે,

| વિષય | વિષય શીર્ષક |
|---|---|
| Hinduism | Religion, Hinduism |
| Classification | Library Science, Classification |

### 6.2.2 વિષય શીર્ષક મથાળાંની પસંદગી (Selection of Subject Heading) :

વિષય શીર્ષક મથાળાંની પસંદગી માટે ચાર રીતો મહત્ત્વની છે જે નીચે મુજબ છે :

- વિષય શીર્ષકની મુદ્રિત સૂચિ (Printed List of Subject Headings)
- શૃંખલા કે સાંકળ પદ્ધતિ (Chain Procedure)

- લાયબ્રેરી ઓફ કોંગ્રેસ લીસ્ટ ઓફ સબ્જેક્ટ હેડિંગ્સ (LCSH)
- સિયર્સ લિસ્ટ ઓફ સબ્જેક્ટ હેડિંગ્સ (SLSH)

વિષય શીર્ષકની પસંદગીનું કાર્ય સરળ નથી. જો કે સાંકળ પદ્ધતિ દ્વારા વિષય શીર્ષકની પસંદગી સરળ બની રહે છે, જ્યારે મુદ્રિત સૂચિમાં વિષય શીર્ષકની પસંદગી કરવી કેટલેક અંશે અઘરી બની રહે છે.

વિષય શીર્ષકની પસંદગી માટે ''લાયબ્રેરી ઓફ કોંગ્રેસ લીસ્ટ ઓફ સબ્જેક્ટ હેડિંગ્સ'' માં વિષય શીર્ષકોનું વ્યવસ્થાપન પારંપારિક રીત અનુસાર કરવામાં આવે છે. આ વિષયસૂચિને અધિક વ્યાપક બનાવવા માટે ત્રણ પ્રકારના વિષય શીર્ષકો આપવામાં આવે છે. અક્ષરોના આકાર પ્રમાણે વિભાજીત છે. મોટા અક્ષરો શીર્ષકો દર્શાવે છે, જ્યારે નાના અક્ષરો શીર્ષકના પર્યાયવાચી શબ્દો માટે ઉપયોગમાં લેવામાં આવે છે, જેની નોંધ "See" અને "See also" 'જુઓ' અને 'વળી જુઓ' દ્વારા કરવામાં આવે છે.

દા. ત., (1) Crime and Education
See Education and Crime

(2) Crime
See also Criminals

**6.2.3 વિષય શીર્ષક મથાળાંની જરૂરિયાત (Needs for Subject Headings) :**

- સૂચિનોંધ માટે પુસ્તકની પૃચ્છા તેના કર્તા, સંપાદક, શીર્ષક, ગ્રંથમાળા અને વિષય વગેરે દ્વારા થાય છે.
- સૂચિનોંધના કર્તા, શીર્ષક (Title), ગ્રંથમાળા (Series) અને ગૌણકર્તા (Collaborator) હેઠળ સરળતાથી બનાવી શકાય છે.
- સૂચિકારને સૂચિનોંધ માટેના વસ્તુ-તત્ત્વો અંગે જ્ઞાત હોય છે. તેના દ્વારા તે જરૂરી નોંધો તૈયાર કરે છે.
- શૈક્ષણિક અને વિશિષ્ટ ગ્રંથાલયોમાં સૂચિના ઉપયોગનો અભિગમ વિષય સંબંધિત હોય છે.
- સંશોધકો માટે સામાન્ય રીતે પોતાના સંશોધન વિષય-વસ્તુ સાથે સંબંધિત પ્રલેખોની જરૂરિયાત રહે છે.
- વિષય મથાળાંમાં વર્ગીકરણ અને વિષય સૂચિકરણની તુલના કરી શકાય છે.
- સૂચિકરણના પ્રાયોગિક કાર્ય/અભ્યાસ માટે (SLSH) સિયર્સ લિસ્ટ ઓફ સબ્જેક્ટ હેડિંગ્સનો ઉપયોગ કરવામાં આવે છે.

સૂચિનોંધ માટે ઉપરોક્ત વિષય મથાળાંની જરૂરિયાતને ધ્યાનમાં રાખી વિષય મથાળાંની પસંદગી માટેની કેટલાંક દિશા-સૂચનો આપવામાં આવ્યા છે જે નીચે મુજબ છે.

– સૌ પ્રથમ સી.એ. કટરે (C. A. Cutter) એક સૂચિસંહિતા 'Rules for a Ditionary Catalogues (1904) નું નિર્માણ કર્યું.

– અમેરિકન લાયબ્રેરી એસોસીએશન (American Library Association) પણ વિષય મથાળાં પૂરાં પાડવા માટે કેટલોગ મૂળભૂત સિદ્ધાંતનું નિર્માણ "List of Subject Headings" માં કર્યું છે.

– વિષય મથાળાંના નિર્માણ માટે સૌથી વધુ વ્યાપક-સર્વગ્રાહી કૃતિ તરીકે "Library of Congress List of Subject Headings" Ed. 30 છે.

– ઈ.સ. 1923 માં Minnie Earl Sears એ નાના અને મધ્યમ સ્તરના ગ્રંથાલયોની ઉપયોગિતાને ધ્યાનમાં રાખીને 'વિષય મથાળાંની યાદી' (List of Subject Headings)નું નિર્માણ કર્યું હતું, જેની હાલ બાવીસમી આવૃત્તિ પ્રકાશિત થયેલ છે.

**તમારી પ્રગતિ ચકાસો**

નોંધ : **i. નીચે આપેલ જગ્યામાં તમારો ઉત્તર લખો.**

**ii. એકમના અંતે આપેલ ઉત્તર સાથે તમારો ઉત્તર ચકાસો.**

**1. વિષય મથાળાંની પસંદગી માટેની રીતો કેટલી છે ? અને કઈ કઈ ?**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**2. વિષય મથાળાં પસંદગી કરવા માટે SLSH ના મહત્ત્વના નિયમો કયા છે ?**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**3. ગ્રંથાલય સૂચિમાં વિષય મથાળાંનો શો હેતુ છે ?**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**6.2.4 LCSH / SLSH આધારિત વિષય શીર્ષક મથાળાંના નિયમો :**

- **LCHS આધારિત વિષય મથાળાંનાં નિયમો :**
- વિષયનોંધોની ગોઠવણી વર્ણાનુક્રમ મુજબ કરવામાં આવે છે.
- સમાન વિષય મથાળાંને અલગ કરવા માટે (,) અલ્પવિરામ ચિહ્નોનો ઉપયોગ કરવામાં આવે છે.
- વિષય મથાળાંના ઉપવિભાજનને દર્શાવવા માટે (–) લઘુરેખાનો ઉપયોગ કરવામાં આવે છે.

- બે વિષયોને જોડવા માટે ( _ ) Hyper ચિહ્નનો ઉપયોગ થાય છે.
- વિશેષતાઓના સમૂહને દર્શાવવા માટે ( ) લઘુકૌંસનો ઉપયોગ કરવામાં આવે છે.
- **SLSH આધારિત વિષય મથાળાંનાં નિયમો :**

વિષય આધારિત સૂચિનોંધમાં વિષય મથાળાંની પસંદગી માટે Sears List of Subject Heading (SLSH) નાં કેટલાક નિયમો આપવામાં આવ્યા છે જે નીચે મુજબ છે.

- પ્રલેખના વિષય મથાળાં માટે તેના વિશિષ્ટ વિષયને પ્રાધાન્ય આપવું.
- સામાન્યતઃ બહુવચન ધરાવતા વિષય પદોને પસંદ કરવા.
- સૌથી વધુ પ્રચલિત વિષય પદોનો ઉપયોગ કરવો.
- સમાનાર્થી પદો પૈકી એક પદ પસંદ કરી, તેને સતત વળગી રહેવું જોઈએ.
- SLSH નો ઉપયોગ કરવા માટેના ટૂંકાક્ષરી રૂપોનાં વર્ણન માટેના નિયમો UF, BT, NT & RT પદોનો ઉપયોગ કઈ રીતે કરશો તેનું વર્ણન.

® **UF (Use For) :** ટૂંકાક્ષરી સાથે આપવામાં આવેલ મથાળાંનો ઉપયોગ કરવામાં આવતો નથી. જો જરૂરિયાત જણાય તો તેની See ‘જુઓ’ નોંધ બનાવવામાં આવે છે.

દા. ત., Criminalistics

See Forensic Sciences

® **BT (Broader Term – વિશાળ પદ) :** BT માટે Broader Term to Narroower Term See also ‘વળી જુઓ’. નોંધ બનાવવામાં આવે છે.

દા. ત., (1) Science

See also Forensic Science

(2) Organic Chemistry

BT Chemistry

® **NT (Narrower Term – સંકુચિત પદ) :** NT માટે Narrower Term to Broader Term See also નોંધ બનાવવામાં આવે છે.

દા. ત., (1) India

NT Gujarat

Gujarat

BT India

(2) Forensic Science

See also Medical

Jurisprudence

® **RT (Related Term) :** RT હોય ત્યાં બંને બાજુએથી See also નોંધ બનાવવામાં આવે છે.

દા. ત., (1) Algebra

RT Arithmetic

RT Geometry

RT Trignometry

(2) Education

RT Teaching

(3) Forensic Sciences

See also Criminal Investigation

Criminal Investigation

See also Forensic Sciences

**6.2.5 વિષય મથાળાંનાં મૂળભૂત સિદ્ધાંતો (Basic Principles of Subject Headings) :**

સાચા વિષય મથાળાં નિર્ધારિત કરવા માટે વિષય મથાળાંના મૂળભૂત સિદ્ધાંતો જે વિષય નિર્ધારણ માટે ઉપયોગી બને છે, જે સિદ્ધાંતો નીચે મુજબ છે :

6.2.5.1 સામાન્ય પ્રયોગ (Common Usage)

6.2.5.2 મથાળાંમાં એકરૂપતા (Uniformity in Headings)

6.2.5.3 પ્રત્યક્ષ તથા વિશિષ્ટ નોંધ (Direct & Specific Entry)

6.2.5.4 નામાંતર સંદર્ભો (Cross References)

**6.2.5.1 સામાન્ય પ્રયોગ / વપરાશ (Common Usages) :**

– સામાન્ય રીતે વ્યવહારમાં ઉપયોગમાં લેવાતા શબ્દો અથવા વાક્યાંશોનો પ્રયોગ કરવામાં આવે છે.

– સમકાલીન વ્યવહાર અથવા પ્રચલનમાં હોય તેવા શબ્દોને પ્રાથમિકતા આપવી જોઈએ.

  દા.ત., Home Economics ને Domestic Economy, Home Making ને Household Management :

– વિષયની એકરૂપતા જળવાવી જોઈએ.

  દા.ત., નિગ્રો શબ્દને બદલે Blacks વપરાય છે.

– વૈજ્ઞાનિક અથવા તક્નિકી નામોની અપેક્ષાએ લોકપ્રિય અથવા પ્રચલિત નામોનો ઉપયોગ કરવો જોઈએ.

  દા.ત., (1) 'Blattariae' શબ્દને બદલે 'Cockroches' ને અગ્રતા આપી છે.

  (2) 'Toxicology' શબ્દને બદલે 'Poisons' ને અગ્રતા આપવામાં આવી છે.

**6.2.5.2 મથાળાંમાં એકરૂપતા (Uniformity in Headings) :**

વિષય મથાળાંમાં એકરૂપતાનું વિશેષ મહત્ત્વ છે. જ્યારે કોઈ વિષય એકથી વધુ પદો દ્વારા રજૂ કરી શકાય ત્યારે એવા શબ્દો પસંદ કરો કે જેનું પ્રચલિતતા સામાન્ય વ્યવહારમાં વધુ હોય.

દા.ત., 'Procelain' શબ્દને બદલે 'Chinaclay' અથવા Chinaware'

**6.2.5.3 પ્રત્યક્ષ તથા વિશિષ્ટ નોંધ (Direct & Specific Entry) :**

જ્યારે તમે સૂચિનોંધ બનાવો છો ત્યારે તમારે કોઈ કૃતિને વિશિષ્ટ પદ હેઠળ પ્રત્યક્ષ રૂપે નોંધવાની છે, જે પુસ્તકના વિષયવસ્તુનું યથાર્થપૂર્ણ પ્રતિનિધિત્વ કરે છે.

દા.ત.,

(1) જો આપણું પુસ્તક 'British Labour Party' વિષય મથાળું ધરાવે છે તો તેને સીધી નોંધ 'Labour Party (U.K.)' હેઠળ બનાવવું જોઈએ.

(2) જો 'Programming Languages' શીર્ષક હેઠળનું પુસ્તક 'Fortran' ભાષા સંબંધિત હોય તો તેનો સીધો અથવા વિશિષ્ટ નોંધ Fortran (Computer Programming Language) હેઠળ બનશે.

**6.2.5.4 નામાંતર સંદર્ભો (Cross References) :**

– વિષય મથાળાંના સંદર્ભમાં પણ નામાંતર સંદર્ભોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા હોય છે.

– નામાંતર સંદર્ભો બે પ્રકારના હોય છે.

(અ) જુઓ – See

(બ) વળી જુઓ – See also (SA)

જુઓ 'See' સંદર્ભોના ઉદાહરણો નીચે મુજબ છે :

**(અ) જુઓ (See) :** સંદર્ભે મુખ્યતઃ પરિભાષા સંબંધિત છે. ઉપભોક્તાઓ ઉપયોગમાં ન લીધેલ પદ પરથી ઉપયોગમાં લીધેલા પદ તરફ નિર્દેશ કરે છે.

- સમાનાર્થી / પર્યાયવાચી પદો માટે Cross References Entry નીચે મુજબ વિષય મથાળાંથી બનશે.

દા.ત., Libraries, Business

See Business Libraries

Libraries Hospital

See Hospital Libraries

Entertainment

See Amusements

Instrumental Music 784

See also Musical Instruments

Temperance

See Intemperance

- કેટલાંક કિસ્સાઓમાં મથાળાં ઉલટાવવામાં આવે છે.

દા.ત., Adult Education માટે Education, Adult હેઠળ નોંધો જોવા માટે નિર્દેશ કરવામાં આવે છે.

દા.ત., Instrumental Music

See Music, Instrumental

International Security

See Security, International હેઠળ શોધ કરવાનો નિર્દેશ કરવામાં આવે છે.

- કેટલાંક કિસ્સાઓમાં ઉલટાવેલ મથાળાં તરફથી પ્રત્યક્ષ ક્રમ તરફ નિર્દેશ કરવામાં આવે છે.

દા.ત., Higher Education

See Education, Higher

Secondary Education

See Eduation, Secondary

- વિભિન્ન જોડણીઓથી ઉપયોગમાં લીધેલી જોડણી જ્યારે ઉપયોગમાં લેવાય છે ત્યારે

  દા.ત., Colour OR Colorr

  See Colour

- સવિશેષ નામોની જ્યારે નોંધ બનાવતા હોય ત્યારે એકવચનથી બહુવચન તરફ આગળ વધી બહુવચનને પ્રાથમિકતા આપવામાં આવે છે.

  દા.ત., (1) Mice
  See Mouse

  (2) Dog
  See Doge

  (2) Cat
  See Cats

  (4) Doll
  See Dols etc.

**(બ) નામાંતર સંદર્ભનો બીજો પ્રકાર 'વળી જુઓ' (See also) :**

- વળી જુઓ (See also) નામાંતર સંદર્ભ ઉપયોગકર્તાને મથાળાં માટે માર્ગદર્શન આપે છે કે જ્યાં તેમને તે વિષય સંબંધિત આપી પણ વધુ અને વિશિષ્ટ માહિતી પ્રાપ્ત થઈ શકે છે.

  દા.ત. Musical Instruments

  See also Instrumental Music

- સામાન્ય રીતે વળી જુઓ (See also) નામાંતર સંદર્ભો સામાન્ય પદથી વિશિષ્ટ પદ તરફની નોંધો બનાવવામાં આવે છે, વિશિષ્ટ પદથી સામાન્ય પદ તરફ નહીં.

  દા.ત., (1) Instrumental Music
  See also Guittar Music

  (2) Instrumental Music 784
  See also Band Music
  Chamber Music
  Gittar Music
  Orchestra Music
  Organ Music
  Piano Music

**તમારી પ્રગતિ ચકાસો**

**નોંધ : i. નીચે આપેલ જગ્યામાં તમારો ઉત્તર લખો.**

**ii. એકમના અંતે આપેલ ઉત્તર સાથે તમારો ઉત્તર ચકાસો.**

**4. વિષય મથાળાંમાં નામાંતર સંદર્ભોનો શો હેતુ છે ?**

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

5. **નામાંતર સંદર્ભોના કેટલાં પ્રકાર છે ? અને કયા કયા ?**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

6. **વિષય મથાળાંના મૂળભૂત સિદ્ધાંતો કેટલાં છે ? અને કયા કયા ?**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 6.3 વિષયના મથાળાં મેળવવાની પદ્ધતિઓ (Methods of Deriving Subject Headings)

વિષયના મથાળાં મેળવવાની બે પદ્ધતિઓ ખૂબ જ જાણીતી છે, જે નીચે મુજબ છે.

6.3.1 લાયબ્રેરી ઓફ કોંગ્રેસ સબ્જેક્ટ હેડિંગ્સ (Library of Congress Subject Headings – LCSH) અને

6.3.2 સિયર્સ લિસ્ટ ઓફ સબ્જેક્ટ હેડિંગ્સ (Sears List of Subject Heading – SLSH)

AACR–II R મુજબ સૂચિનોંધો બનાવતી વખતે વિષય મથાળાં નક્કી કરવા માટે SLSH પદ્ધતિ એ વિષય મથાળું નક્કી કરવા માટે સરળ અને ખૂબ જ ઉપયોગી પદ્ધતિ છે. તેનો ઉપયોગ કઈ રીતે કરવો તે માટે થોડો અભ્યાસ જરૂરી બને છે. આ પદ્ધતિના કેટલાંક શીર્ષકો / વિષય મથાળાં લઈને તેને સમજીએ :

દા.ત.

**(1) ગ્રંથાલય / માર્ગદર્શિકા (Library Manuals) :**

ઉપરોક્ત ઉદાહરણના પુસ્તકના નામ ઉપરથી જ ખ્યાલ આવે છે કે પુસ્તક ગ્રંથાલય વિજ્ઞાન વિષયનું છે. જેથી તેમાંથી વિષય મથાળાં શોધવા માટે સૌ પ્રથમ વિષય વચ્ચે L Libreries ના પાના નંબર XLii પર બે સામાન્ય પ્રયોગના ઉપવિભાગ / પેટા વિભાગ દ્વારા ખબર પડશે કે ઉપરોક્ત પદ Handbooks, Manuals વગેરે. તેના પરથી પુસ્તકનું વિષય મથાળું બનશે – Libraries Handbooks, Manuals વગેરે.

**(2) પ્રેમચંદનું જીવનચચરિત્ર (Biography of Premchand) :**

પાના નંબર XL ઉપર મુજબ મથાળાંની તાલિકા આધારિત આપવામાં આવેલ સૂચના મુજબ કોઈપણ ભાષાના લેખકના નામની સાથે સામાન્ય પ્રયોગમાં વિષયના ઉપવિભાગ/પેટા વિભાગને જોડવા માટે SLSH માં શેક્સપિયર (Shakespeare), વિલિયમ (William) ના નામ ઉપરથી

શોધવું. પાના નંબર 648 પર શેક્સપિયર, વિલિયમ – જીવનચરિત્ર (Shakespeare, William – Biography) પદ કાળા ઘાટા અક્ષરોમાં બોલ્ડ કરેલ શબ્દ મળશે. શેક્સપિયર (Shakespeare), વિલિયમ (William) ના સ્થાને Premchand નો પ્રયોગ કરવો. Premchand Biography વિષય શીર્ષક / મથાળું બનશે. આ ઉપરોક્ત ઉદાહરણનું વિષય શીર્ષક/મથાળાં બનશે.

વિષય મથાળાં નક્કી કરવા માટે સૌ પ્રથમ વિષય અભિગમનો અભ્યાસ કરવો / વિચારણા કરવી જરૂરી બને છે જે નીચે મુજબનાં મુદ્દાઓને કેન્દ્રમાં રાખીને કાર્ય કરવું જોઈએ.

(1) શીર્ષક પૃષ્ઠ વાંચ્યા પછી, સૂચિકારે તેમાં સમાવિષ્ટ વિષય મથાળાંનો તપાસ કરવો જોઈએ તે માટે તેણે પ્રસ્તાવના અને પરિચયને અવગણવું જોઈએ.

(2) જો પુસ્તકના શીર્ષક પૃષ્ઠ ઉપરથી વિષયનો ખ્યાલ સ્પષ્ટ થતો નથી, તો પુસ્તકને કાળજીપૂર્વક તપાસો અને તેના વિવિધ ભાગોનું વાંચન કરો.

(3) નોન-બુક મટીરિયલ્સના કિસ્સામાં સૂચિકારે તેના કન્ટેન્ટ (Content) અને તેનાં વર્ગીકરણનો વર્ગાંક તપાસ કરી શક્ય હોય તો તે વિષયને ધ્યાનથી જોવો જોઈએ.

(4) જ્યારે તક્નિકી પરિભાષાના અર્થ સ્પષ્ટ રીતે સમજી ન શકાય ત્યારે સંદર્ભ સ્રોતોનો સંપર્ક કરી વિષય મથાળાં નક્કી કરવાં જોઈએ.

ઉપરોક્ત પ્રારંભિક પરીક્ષણ કર્યા પછી આપણે સ્પષ્ટ વિષય મથાળું નક્કી કરી શકીએ છીએ.

## 6.4 વિષય મથાળાં કેવી રીતે મેળવવા જોઈએ ? (How to Derive Subject Headings ?)

ઉપરોક્ત મથાળાં ઉપરથી સ્પષ્ટ થાય છે કે આપણો મુખ્ય ઉદ્દેશ / હેતુ સૂચિમાં વિષય મથાળાંનાં રૂપમાં / ફોર્મમાં વિષયોને રજૂ કરવાનો છે. જો કે હાલ તો તૈયાર વિષય મથાળાંની યાદી ઉપલબ્ધ છે, તો પણ તમે તેમાંથી સાચું વિષય મથાળું પસંદ કરવામાં સક્ષમ હોવા જોઈએ. તૈયાર વિષય મથાળાંની યાદીને પૂર્વ સમન્વિત નિર્દેશીકરણ પદ્ધતિ (Pre-Coordinate Indexing System) કહેવામાં આવે છે.

SLSH માંથી વિષય મથાળાં કેવી રીતે નક્કી કરવાં અથવા મેળવવા જોઈએ તે માટેના વિષય મથાળાંના ફોર્મ/સ્વરૂપો નીચે મુજબ દર્શાવેલ છે.

– **SLSH આધારિત વિષય મથાળાં મેળવવાના સ્પરૂપો (Forms of Subject Headings in SLSH) :**

6.4.1 વિષય મથાળાંનું વ્યાકરણ (The Grammar of Subject Headings)

6.4.2 મિશ્ર વિષય મથાળાં (Compound Subject Headings)

6.4.3 સ્વરૂપ દ્વારા ઉપવિભાજન (Sub-division by Form)

6.4.4 સ્થળ દ્વારા ઉપવિભાજન (Sub-division by Place)

6.4.5 વિષય દ્વારા સ્થળોના નામોને ઉપવિભાજીત કરવા (Names of Places Sub-divided by Subject)

### 6.4.1 વિષય મથાળાંનું વ્યાકરણ (The Grammar of Subject Headings) :

કોઈપણ સૂચિકારે હંમેશાં વિષયના મથાળાંનાં પદો રજૂ કરવા માટે વિષય મથાળાંનાં વ્યાકરણ ઉપર પૂર્ણતઃ આધાર રાખવો પડે છે. વિષય મથાળાંનું સૌથી સરળ સ્વરૂપ એક પદનું છે. તેને એકવચન સંજ્ઞા રૂપે રજૂ કરી શકાય છે. જ્ઞાનવિશ્વના ઘણાં ક્ષેત્રોને એક શબ્દમાં અભિવ્યક્ત કરી શકાય છે. દા.ત., Airway, Ballet, Education, Engines, Medical, Music વગેરે.

સામાન્ય રીતે મોટાભાગના કિસ્સાઓમાં સૂચિકારે સામાન્ય સમજણ પર આધાર રાખવો પડે છે. જ્યારે કેટલા કિસ્સાઓમાં વિષય પદોના એકવચન અને બહુવચન આમ બંને વિષયના મથાળાં હોઈ શકે છે. એકવચન વિષયનું સ્વરૂપ સામાન્ય અર્થ સૂચવે છે. જ્યારે તેનું બહુવચન વિષયનું સ્વરૂપ વિશિષ્ટ અર્થ સૂચવે છે.

દા.ત., (1) Arts and Art – આર્ટ્સ અને આર્ટ્ના કિસ્સામાં એકનો અર્થ સામાન્ય રીતે 'કળાઓનો' થાય છે, જ્યારે બીજાનો અર્થ ખાસ કરીને 'દંડ અને સુશોભન કળાઓ' થાય છે.

(2) Theatre and Theatres માં Theatre નો અર્થ 'નાટ્યકળા' છે. જ્યારે 'Theatres'નો અર્થ 'નાટ્યભવન' થાય છે. આથી જ કોઈ પણ એકવચન અથવા બહુવચન શબ્દોનો / પદોનોના સ્વરૂપનો ઉપયોગ કરતાં પૂર્વે તેના અભિપ્રેત અર્થની ખાતરી કરવી જોઈએ.

Þ વિષય મથાળાંની સંજ્ઞાને વિશેષણથી યોગ્યતા સૂચક કરવી પડે છે.

દા.ત., Mechanical Engineering; Old Literature, Modern Literature, History, Ancient, Modern etc.

### 6.4.2 ઈચ્છિત વિષય મથાળાં (Compound Subject Headings) મિશ્ર વિષય મથાળાં :

જ્યારે એક પદ ઈચ્છિત વિષય મથાળું પૂરું પાડતું નથી. ત્યારે આપણે બે પદોને/શબ્દોને અને (And) વડે જોડીને વિષય મથાળું બતાવવું પડે છે.

દા.ત.,
- Bow and Arrow
- Good and Evil
- Wit and Humour
- Quecks and Quackery
- Science and Religion
- Children and Television
- Forests and Forestry
- Publishers and Publishing

® કેટલાંક વિષય મથાળાં એટલા નજીકથી સમાનાર્થી છે કે તેને ભાગ્યે જ અલગ પાડી શકાય છે.

દા.ત., Cities and Tower

Rugs and Carpets

® કેટલાક કિસ્સાઓમાં ઉપભોક્તાઓ દ્વારા પુસ્તકોની માંગણી જ એવી હોય છે કે આપણે બે પદોને જોડવા પડે છે.

દા.ત., Religion and Science

Television and Children

Church and State

### 6.4.3 સ્વરૂપ દ્વારા ઉપ-વિભાવના (Sub-division by Form) :

સ્વરૂપ દ્વારા ઉપવિભાજનનો મુખ્ય ઉદ્દેશ્ય વાઙ્મય સૂચિગત એકમને અન્ય વિષયોથી સ્વરૂપ દ્વારા અલગ રીતે પ્રદર્શિત કરવાનો છે. તેમાના કેટલાંક સ્વરૂપો જેવાં કે, વાઙ્મયસૂચિઓ, શબ્દકોશો, નિર્દેશિકાઓ (Directories), ભૌગોલિક કોશો (Gazetters), નકશાઓ (Maps), ચિત્રમય, કૃતિઓ વગેરેના વાચનસામગ્રીનાં સૂચિકરણના કાર્યમાં ભૌતિક સ્વરૂપોને યોગ્ય પદો ઉમેરી દર્શાવી શકાય છે.

દા.ત., Gandhian – Studies – Bibliography

Libraries – Directories

Anatomy – Human Maps

ઉપરોક્ત ઉદાહરણો પરથી સાબિત થાય છે કે કોઈપણ વાચકને જોઈતી માહિતી મેળવવા માટે જે તે વિષયની નહી પરંતુ સ્વરૂપની જરૂર પડે છે અને તે સ્વરૂપમાં જ જે તે વિષય સમાયેલો

હોય છે. તે તેને સહાયતા પૂરી પાડે છે, જ્યારે તે ગાંધીવાદી અભ્યાસ ઉપરની વાઙ્મયસૂચિની શોધ કરી રહ્યો હોય, તેને બધા જ વિષયોની નોંધો જોવાની જરૂર પડતી નથી. કે નથી જરૂર પડતી ગ્રંથાલયમાં ઉપલબ્ધ સંગ્રહમાંથી વાઙ્મયસૂચિ તૈયાર કરવાની. આ ઉપરથી કહી શકાય કે ઉપરોક્ત પ્રકારની નોંધ પ્રથમ તબક્કે જે તેને ઈચ્છિત નોંધ મેળવવાની સમસ્યા દૂર કરે છે.

**6.4.4 સ્થળ દ્વારા ઉપ-વિભાવના (Sub-division by Place) :**

જ્યારે કોઈપણ વાચક કોઈ એક દેશના સ્થળ અંગેની માહિતી મેળવવા માટે પ્રલેખ જોવાની ઈચ્છા ધરાવે છે ત્યારે સ્થળ દ્વારા ઉપ-વિભાજન સ્વરૂપની જરૂર પડે છે.

દા.ત., જો કોઈ વાચક જાપાનની કૃષિ વિશે માહિતી જાણવામાં રસ ધરાવતો હોય તો તેને કૃષિ વિષયક બધાં જ પુસ્તકો શોધવાની જરૂર નથી. પરંતુ આ માટે જે તે વિષયને સ્થળ દ્વારા ઉપ-વિભાજનની શોધ કરી શકે છે.

દા.ત., Agriculture, Japan
Music, India
Architecture, Russia
Art, German

**6.4.5 વિષય દ્વારા સ્થળોના નામોને ઉપ-વિભાજીત કરવા (Names of Places Sub-divided by Subject) :**

જ્યારે કોઈપણ વિષયોની રજૂઆત પ્રાદેશિક દષ્ટિકોણથી થઈ હોય ત્યારે જે તે દેશને પ્રાધાન્ય આપવામાં આવે છે અને ત્યારબાદ જે તે વિષય દ્વારા વિભાજિત કરવામાં આવે છે.

દા.ત., India – Census
India – Defence
India – Foreign Relations
India – Geography
India – History
India – Politics & Government
India – Population etc.

ઉપરોક્ત પ્રકારના વિષય મથાળાં સુધી પહોંચવા માટે SLSH માં સંબંધિત વિષયો દ્વારા દેશને વિભાજીત કરવાનો નિર્દેશ આપ્યો છે. દા.ત., 'Census' હેઠળ નીચે મુજબ નિર્દેશ કરવામાં આવે છે.

See also names of countries, cities etc.

દા.ત., United State – Census

**તમારી પ્રગતિ ચકાસો**

**નોંધ : i. નીચે આપેલ જગ્યામાં તમારો ઉત્તર લખો.**

**ii. એકમના અંતે આપેલ ઉત્તર સાથે તમારો ઉત્તર ચકાસો.**

**7. વિષય મથાળાં મેળવવાની / શોધવાની કેટલી પદ્ધતિઓ છે ? અને કઈ કઈ ?**

.......................................................................

.......................................................................

.......................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**8. SLSH આધારિત વિષય મથાળાં મેળવવાના સ્વરૂપો કેટલા છે ? અને કયા કયા ?**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**9. વિષય મથાળાં તૈયાર કરવાના કેટલાક નિયમો જણાવો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 6.5 વિષય મથાળાંની યાદીઓ (Lists of Subject Headings)

મુદ્રિત વિષય મથાળાંની યાદીઓ બે પ્રકારની હોય છે જે નીચે મુજબ છે :

6.5.1 સામાન્ય વિષય મથાળાં યાદીઓ / સૂચિઓ

6.5.2 વિશિષ્ટ વિષય મથાળાં યાદીઓ / સૂચિઓ

### 6.5.1 સામાન્ય વિષય મથાળાં સૂચિઓ (Lists of General Subject Headings) :

નાના અને મધ્યમ કક્ષાનાં ગ્રંથાલયોમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતા સામાન્ય વિષય મથાળાં સૂચિઓ ઉપયોગી છે. મુખ્ય સામાન્ય વિષય મથાળાં સૂચિઓ નીચે મુજબ છે :

(a) ALA List of Subject Headings for use in Dictionary Catalogue – પ્રથમ આવૃત્તિ 1895 માં અને તૃતિય આવૃત્તિ 1911 માં પ્રકાશિત થયેલ છે.

(b) Subject Headings use in the Dictionary Catalogul of the Library of Congress – પ્રથમ આવૃત્તિ 1910-1914 અને એકવીસમી આવૃત્તિ 2000 માં પ્રકાશિત થયેલ છે. આ વિષય મથાળાં સૂચિ મોટા ગ્રંથાલયો માટે ઉપયોગી હોય છે.

(c) Sears List of Subject Headings (SLSH) ની પ્રથમ આવૃત્તિ 1923 માં તથા સોળમી આવૃત્તિ 1997 માં પ્રકાશિત થયેલ છે. આ વિષય મથાળાં સૂચિ નાના અને મધ્યમ કક્ષાના ગ્રંથાલયો માટે ઉપયોગી છે.

**6.5.2 વિશિષ્ટ વિષય મથાળાં સૂચિઓ (List of Special Subject Headings) :**

સામાન્ય વિષય મથાળાં સૂચિઓના વિકાસ પછી વિભિન્ન વિષયોને મથાળાં સૂચિઓની જરૂરિયાત ઊભી થઈ, તેથી નિશ્ચિત વિષય મથાળાં સૂચિઓનો પ્રયોગ વિશિષ્ટ ગ્રંથાલયો (Special Libraries) માં ઉપયોગી બને તે માટે તેનો નિર્માણ થયું. કેટલીક મુખ્ય વિશિષ્ટ મથાળાં સૂચિઓ નીચે મુજબ છે :

(1) A Subject Headings for Children Materials by Iloyas R. and Ephy Lailont; Chicago : American Library Association, 1951.

(2) Aviation Subject Headings & Classification Guide, New York; Special Library Association, 1966.

## 6.6 વિષય મથાળાં યાદીઓની મર્યાદાઓ (Limitations of Lists of Subject Headings)

- કોઈપણ સિદ્ધાંતો ઉપર આધારિત ન હોવાને કારણે વિષય મથાળાં સૂચિઓમાં વિષય મથાળાં મનસ્વી રીતે આપવામાં આવે છે. તેના ફળસ્વરૂપે વિષય મથાળાંની સંખ્યા વધતી રહે છે.
- વિષય મથાળાં સૂચિઓના સંકલન તથા પ્રકાશનનાં કાર્ય બહુ જ કઠિન હોય છે. પ્રકાશન થોડા સમય પછી જ નવા વિષય મથાળાંનાં નિર્માણના ફલ સ્વરૂપે અદ્યતન રાખવાના હેતુ અનુસાર સંશોધન કરવાની જરૂરિયાત પડે છે.
- વિષય મથાળાં સૂચિઓથી વિષય મથાળાં નિર્માણની વિધિ યંત્રીકૃત નથી. સૂચિકારોને વિષય મથાળાં નિર્ધારણ કરવા માટે પોતાના વિવેકનો પ્રયોગ કરવો પડે છે. એક જ ગ્રંથની વિભિન્ન ગ્રંથાલયો દ્વારા વિભિન્ન વિષય મથાળાં પ્રદાન કરવાની સંભાવના રહે છે.
- સામાન્ય વિષય મથાળાં સૂચિઓ જ્યાં સામાન્ય ગ્રંથાલયો માટે ઉપયોગી હોય છે તે વિશિષ્ટ ગ્રંથાલયો માટે વધુ ઉપયોગી હોતી નથી. વિશિષ્ટ ગ્રંથાલયો આ હેતુ વિશિષ્ટ હોવાથી વિશિષ્ટ વિષય મથાળાં સૂચિઓની જરૂરિયાત પડે છે.
- વિષય મથાળાં સૂચિઓ પ્રલેખન કાર્ય તથા ગ્રંથ સૂચિઓના સંકલન માટે ઉપયોગી હોતી નથી.
- વિષય મથાળાં સૂચિઓ મોટા સ્વરૂપ પછી પણ વિસ્તૃત (Comprehensive) હોતી નથી. સૂચિકારો માટે આ વિષય મથાળાં પસંદ અને પ્રયોગમાં આવવાની સમસ્યાઓનો હલ કરવા માટે સહાયક બનતી નથી. કોઈ વિષય એટલા બધા જટિલ (Complex) હોય છે કે તેના માટે ઉચિત વિષય મથાળાં મળવા કઠિન હોય છે.
- આ સૂચિઓમાં સંબંધિત વિષયને વર્ણાનુક્રમમાં (A થી Z સુધી)માં લખી શકાય છે.

## 6.7 સિયર્સ લિસ્ટ ઓફ સબ્જેક્ટ હેડિંગ્સનો પરિચય (Sears List of Subject Headings)

**6.7.1 પ્રસ્તાવના :**

- 1923 માં લિસ્ટ ઓફ સબ્જેક્ટ હેડિંગ્સ ફોર સ્મોલ લાયબ્રેરીઝનાં નામથી એચ. ડબ્લ્યૂ. વિલ્સન કંપની, ન્યૂયોર્ક (H. W. Wilson Co., New York) દ્વારા પ્રકાશિત થયેલ છે.
- SLSH ને પ્રકાશિત કરવાનો શ્રેય મિનિ અર્લ સિયર્સ (Minnie Earl Sears) ને છે.
- છઠ્ઠી આવૃત્તિના સંકલનકર્તાનું નામ વિષય મથાળાંમાં સામિલ કરીને તેને સિયર્સ લિસ્ટ ઓફ સબ્જેક્ટ હેડિંગ્સ ફોર સ્મોલ લાયબ્રેરીઝ (Sears List of Subject Headings for Small Libraries) ના નામથી પ્રકાશિત થયેલ છે.

- તેની 16મી આવૃત્તિ 1997 માં પ્રકાશિત થઈ. જેના સંપાદક જોસેફ ફિલર (Joseph Filler) છે.
- વિષય મથાળાંની આ સંકલિત સૂચિ અંતમાં નાના ગ્રંથાલયોની જરૂરિયાતની પૂર્તિ હેતુ બનાવવામાં આવેલ છે. પરંતુ હમણા તેનું ક્ષેત્ર વિસ્તૃત કરીને નાના તેમજ મધ્યમ કક્ષાના ગ્રંથાલયોના ઉપયોગ માટે બનાવેલ છે.

**6.7.2 SLSH ના હેતુઓ (Objectives of SLSH) :**

- કોઈ વિશિષ્ટ વિષય પર ગ્રંથાલયમાં ઉપલબ્ધ બધા જ પ્રલેખો / વાંચન સામગ્રીની એક વિષય મથાળાં અંતર્ગત રાખવાની છે.
- SLSH માં આપવામાં આવેલાં પદોને ‘જુઓ’ (See) અને ‘વળી જુઓ’ (See also) વિષય નિર્દેશોના નિર્માણમાં પણ સહાયતા મળે છે.

**6.7.3 SLSH ની સંરચના અને બંધારણ (Structure and Format of SLSH) :**

- SLSH વર્ણાનુક્રમમાં (A to Z) વ્યવસ્થિત વિષય મથાળાંનો શબ્દકોશ છે.
- તેનો મૂળ આધાર LCSH ઉપર છે તથા તેની વિભિન્ન આવૃત્તિઓમાં થયેલ સંશોધન વિલ્સન અનુક્રમણિકા (Wilson Index) તેમજ લાયબ્રેરી ઓફ કોંગ્રેસ લિસ્ટ ઓફ સબ્જેક્ટ હેડિંગ્સમાં થયેલ સંશોધનો ઉપર આધારિત છે.
- 16મી આવૃત્તિના પ્રારંભમાં તેના પ્રયોગની જાણકારી આપવાના હેતુ અનુસાર પ્રિન્સિપાલ ઓફ સિયર્સ લિસ્ટ ઓફ સબ્જેક્ટ હેડિંગ્સ (Principles of Sears List of Subject Headings) નામના અધ્યયન પૃષ્ઠ નંબર xv થી xxxviii પર આપેલ છે.

**6.7.3.1 SLSH નાં મુખ્ય મથાળાં (Key Headings of SLSH) :**

- 16મી આવૃત્તિ પૃષ્ઠ નંબર XL પર સિયર્સ લિસ્ટનાં સંપાદકો દ્વારા સૂચિકારની પસંદગી લોકપ્રિય શ્રેણીઓના સંભવિત ઉપવિભાગોને દર્શાવવા માટે મુખ્ય મથાળાં (Key Headings) ની સૂચિ આપવામાં આવેલ છે. આ સૂચિમાં માત્ર પસંદગી પામેલ વિષય મથાળાં અને ઉદાહરણો જ છે. આ સૂચિના આધાર પર સૂચિકાર અન્ય મથાળાં બનાવી શકે છે. જે નીચે મુજબ છે.

  (1) વ્યક્તિઓના નામ અને પદ (2) વિશેષ લોકોના નામ (3) સ્થાન (4) ભાષાઓ અને સાહિત્ય (5) મહાયુદ્ધો માટે

**(1) વ્યક્તિઓ નામ અને પદ :**

દા.ત., Presidents – India, Presidents

- United States (આ સૂચિ કોઈપણ દેશના રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને શાસક પક્ષના માટે)
- Shakespeare, William 1564–1616 (કોઈપણ સાહિત્યના સન્માનિત લેખકના માટે)

**(2) વિશેષ લોકોના નામ :**

દા.ત., Indians of North America

(ભાષાઓ, પરિવાર અથવા લોકોના નામના ઉપવિભાજનોના હેતુ માટે)

**(3) સ્થાન :**

દા.ત., United States; Ohio; Chicago (III)

(ભૌગોલિક સ્થાનો, દેશ, રાજ્ય તેમજ શહેરના માટે)

**(4) ભાષા અને સાહિત્ય :**

દા.ત., English Language (કોઈપણ ભાષા માટે)

English Literature (કોઈપણ સાહિત્ય માટે)

**(5) મહાયુદ્ધો માટે :**

દા.ત., World war, 1939-1945 (કોઈપણ યુદ્ધ અથવા મહાયુદ્ધ માટે)

**6.7.3.2 સામાન્ય ઉપયોગના ઉપવિભાગ (List of Commonly Used Sub-divisions) :**

- જટિલ વિષયોના માનાધિકૃત મથાળાં બનાવવાનો હેતુ માટે કોઈ સામાન્ય ઉપવિભાગોનો, પ્રયોગ કરવામાં આવે છે.
- સૌથી વધુ પ્રયોગમાં આવવાવાળા ઉપવિભાગોના ઉપરોક્ત વર્ણિત મુખ્ય મથાળાંમાં સમાવિષ્ટ કરવામાં આવે છે. તેના અંતર્ગત પ્રયોગમાં આવવાવાળા સામાન્ય ઉપવિભાગોની તાલિકા SLSH ના પૃષ્ઠ xli થી xliii પર આપવામાં આવેલ છે.
- આનો પ્રયોગ કોઈપણ વિષય મથાળાંની સાથે જરૂરિયાત અનુસાર કરવામાં આવે છે.

દા.ત., Mathematics – Penodicals

Physics – Study and Teaching

Library Science – History

**6.7.3.3 શીર્ષક / મથાળાં (Headings) :**

SLSH માં મથાળાં પરંપરાગત રૂપથી મુદ્રિત કરેલ છે અથવા પ્રયોગમાં આવવાવાળા મથાળાં મોટા કાળા અક્ષરોમાં (Black Face Type) તથા સમાનાર્થી (Synonyms) મથાળાંનો પ્રયોગ મથાળાંના રૂપમાં નહીં કરી શકાય. ઓછા અક્ષરો (Light Face) માં મુદ્રિત કરેલ છે.

આ વિષય સૂચિને અધિક વિસ્તૃત બનાવવા માટે પાંચ સંક્ષેપણોનો પ્રયોગ કરવામાં આવે છે. જે નીચે મુજબ છે.

**6.7.3.4 Symbols used in SLSH :**

(1) UF = Used for – ઉપયોગ માટે વપરાયેલ શબ્દ

(2) SA = See also – વળી જુઓ

(3) BT = Broader Term – વ્યાપક પદ

(4) NT = Narrower Term – સંકુચિત પદ

(5) RT = Related Term – સંબંધિત પદ

દા.ત., Trade Unions USE Labor Unions 331.88

UF Labor Organizations
Organized Labor
Trade Unions
Union Labor

SA Labor Union
See also Union, Labor

BT Co-operation
Industrial relations
Labor
Socialism
Societies

NT Industrial Arbitration
    Injunctions
    Librurians, Unions
    Open & Closed Shop
    United Stechworkers of America

RT Collective bargaining
    Labor movement
    Strikes

**6.7.3.5 વિષમ મથાળાંની સાથે દશાંશ વર્ગીકરણનો પ્રયોગ (Use of DC Class Number) :**

- અંતથી જ SLSH માં વિષમ મથાળાંની સાથે દશાંશ વર્ગીકરણ (DC) નાં વર્ગાંકનો પ્રયોગ કરવામાં આવેલ છે.
- 16મી આવૃત્તિમાં એબ્રિન્ડ ડ્યૂઈ ડેસિમલ ક્લાસીફિકેશન એન્ડ રિલેટીવ ઈન્ડેક્ષ (Abrind Dewey Decimal Classification and Relative Index) આધારિત વર્ગાંકોનો પ્રયોગ કરવામાં આવે છે.

  દા.ત., (1) Chemical Industry – 338.4 and 660

  (2) World War, 1936-1945 - Pictorial works, No. 940.53022

## 6.8 SLSH માં દર્શાવેલા ઉદાહરણો (Worked out Examples of SLSH)

SLSH નો ઉપયોગ કઈ રીતે કરવો જોઈએ તે માટેના યોગ્ય ઉદાહરણો નીચે મુજબ આપવામાં આવેલ છે.

- **ઉદાહરણો (Examples of SLSH) :**

(1) Hair 612.7; 646.7 મુખ્ય વર્ગાંક

Main Call Number

વાળ કાપવા તેમજ વાળ ડ્રેસિંગ માટે સામાન્ય સાધન / સામગ્રીનો ઉપયોગ કરવો.

(Use for general materials on hair as well for as materials on hair dressing and hair cutting)

UF Barbering
    Coiffure
    Hair cutting
    Hair dressing
    Hair styles
    Hair styling

ફક્ત બોલ્ડ ફેસ પ્રિન્ટમાં જ શબ્દોનો ઉપયોગ કરો.

Only use words in bold Face Print

BT Head
    Personal Groowing

અન્ય શબ્દો સૂચવ્યા છે.

NT Wing

Suggested other words

Hair cutting
    USE Hair

Hair dressing
    USE Hair

(2) Sports – United States - 1916 – Statistics Subject Heading(S)

SLSH Rule 3 મુજબ, So it will be

1. Sports – United States
2. Statistics

(3) **Impact of Information Technology in Libraries of India**

Subject Headings(s) Class No. - 025.04; 0954

Libraries - Automation - India

ઉપરોક્ત આપવામાં આવેલ શીર્ષક એ એક સરળ શીર્ષક છે જે સ્વયં શીર્ષક ઉપરથી જ વિષય નિર્ધારણ સરળતાથી કરી શકાય છે.

દા.ત. 'પુસ્તકાલયોમાં માહિતી ટેક્નોલોજીની અસર' શીર્ષક ઉપરથી વિષય મથાળાં સરળતા નક્કી થયેલ છે જે 'Library - Automation - India

(4) **Indian Library Association**

| Subject Headings(s) | Class No. |
|---|---|
| 1. Library - Societies - India | 021.80954 |
| 2. Librarian's Union | 331.88 |

આ એક સરળ વિષય છે જેમાં ભારતીય ગ્રંથાલય સંઘની ચર્ચા કરવામાં આવી છે. જેથી તેના વિષય મથાળા ઉપરોક્ત મુજબ બન્યા છે. (SLSH (2010) P. 454)

(5) **Indian Constitutional Law :**

આ પણ એક સરળ વિષય શીર્ષક છે, જેમાં ભારતીય બંધારણના કાયદા વિશેની ચર્ચા કરવામાં આવી છે. અહીં આ વિષયનો સંબંધ બંધારણના કાયદાના ફક્ત સૈદ્ધાંતિક પક્ષથી થતો હોત, પરંતુ તેને દેશ સાથે જોડવામાં આવેલ છે, તેથી તેનું વિષય મથાળું

Subject Heading(s)

India - Constitutional Law - 342.0954

મુજબ બનશે. અહીં આ વિષયમાં દેશને વિષયથી પર ઉપ-વિભાજિત કર્યો છે.

United States Constitutional Law

Subject Heading(s)

Constitutional Law - United States 342.73/342.0973

(SHSH (2010) P. 188)

(6) **Chains of Servitude : Bondage and Slavery in India :**

ઉપરોક્ત વિષય મથાળાંની અંદર ગુલામ લોકોની દયનીય સ્થિતિનું વર્ણન કરવામાં આવ્યું છે.

SLSH માં આ વિષય મથાળું નીચે મુજબ બનશે.

Subject Heading(s)

Slavery - India 306.3; 326.0954

અહીં ભૌગોલિક વિસ્તાર અને વિષય પદને જોડવામાં આવેલ છે.

- Chains of Servitude : Bondage and Slavery in United State

  Subject Heading(s) બનશે.

  SLAVERY - UNITED STATES 326.0973

- (SLSH, (2014) P. 710)

**(7) Problems of Indian Trade Unions :**

ઉપરોક્ત શીર્ષક ઉપરથી ખૂબ સરળતાથી વિષય મથાળું નિર્ધારણ કરી શકાય છે. આ શીર્ષક વ્યાપાર સંઘ સંબંધિત છે, તેથી તેનો SLSH માં વિષય મથાળું Trade Union 'જુઓ' (See) Labour Unions પ્રમાણે વિષય મથાળું બનશે.

વિષય મથાળું (Subject Heading(s)

LABOUR UNIONS – INDIA 331.880954

SLSH માં Labour ની જગ્યાએ Labor ની જોડણી આપવામાં આવી છે જે મુજબ વિષય મથાળું બનાવવું.

- Problems of United State Trade Unions

  Subject Heading(s)

  Labor Unions - United States 331.880973

  અથવા Labor - United States 331.0973

- (SLSH (2010) P. 437)

ઉપરોક્ત તમામ સાતેય ઉદાહરણોમાં યેનકેન પ્રકારે દેશને / વિસ્તારને સંબંધિત શીર્ષકો / આખ્યાઓ આપવામાં આવ્યા હતા. પરંતુ હવે પછીના ઉદાહરણોમાં આપણે કેટલાંક એવા શીર્ષકો / આખ્યાઓનો અભ્યાસ કરીશું કે જેમાં કોઈપણ દેશ સિવાય, મુખ્યત્વે થોડાક વિષયો ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

**(8) International Management :**

ઉપરોક્ત શીર્ષકનું વિષયવસ્તુ તેના વિષયનું સંપૂર્ણ ચિત્ર પૂરું પાડે છે. આ શીર્ષકમાં આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાપન / સંચાલન સંબંધિત છે. તેથી તેનું મથાળું આપણને ભ્રમિત કરે તેવું છે. તેથી તેનું વિષય મથાળું (Subject Headings(s)) સરળ નીચે મુજબ બનશે.

MANAGEMENT 658 (SLSH, 2010, P. 471)

**(9) The Future of Human Resources :**

આ પુસ્તકનો વિષયવસ્તુ તેના વિષય મથાળાંને સંપૂર્ણ નિર્ધારણ કરે છે. તેથી તેનું વિષય મથાળું (Subject Heading(s) નીચે મુજબ બનશે.

HUMAN RESOURCE MANAGEMENT 658.4 (SLSH (2010) P. 471)

**(10) The Quantum Theory of Light :**

ઉપરોક્ત વિષય શીર્ષક 'Quantum Optics' આધારિત હોવું જોઈએ, તેથી તેનું વિષય મથાળું 'Quantum Optics' મુજબ બને છે. પરંતુ SLSH માં તે આપવામાં આવ્યું નથી, તેથી આ વિષયથી સંબંધિત નજીકનાં ઉપલબ્ધ વિષય મથાળાં નીચે મુજબ બનશે.

વિષય મથાળાં (Subject Heading(s))

1. QUANTUM THOERY 530.12 (SLSH, 2010, P. 639)
2. LIGHT or OPTICS 535; 621.36 (SLSH 2010, P. 564)

**(11) Research on Cyber Crimes :**

ઉપરોક્ત વિષયમાં વિષયવસ્તુ 'Crimes' સરળતાથી નિર્ધારિત બને છે. તેથી SLSH માં તેનાં મુખ્ય બે વિષય સાથે સંબંધિત વિષય મથાળાં બનશે.

વિષય મથાળાં (Subject Heading(s))

| | |
|---|---|
| 1. Computer Crimes | 364.16 (SLSH (2010), P. 180) |
| 2. Computer Crimes - Research | 364.1607 (SLSH (2010), P. 180) |

**(12) Backward Classes and The New Social Order by Andre Beteille :**

અહીં આ ઉદાહરણમાં Andre Beteill દ્વારા પછાત વર્ગોની સ્થિતિ અને સમાજ વ્યવસ્થા પરિવર્તન ઉપર આપેલાં વ્યાખ્યાનો છે. SLSHમાં આ માટેનું વિષય મથાળું નથી, પરંતુ નજીકનું સંબંધિત ઉપલબ્ધ વિષય ઉપર વિષય મથાળું બનશે.

વિષય મથાળાં (Subject Heading(s))

| | |
|---|---|
| SOCIAL CLASSES | 305.5; 323.3 |
| | (SLSH (2010), P. 713) |

ઉપરોક્ત તમામ 12 (બાર) ઉદાહરણોને કેન્દ્રસ્થાને રાખી SLSH (Sears List of Subject Headings) માં એક ક્રોસ (X) (20મી આવૃત્તિ, 2010) અને બે ક્રોસ (XX) ના અર્થને પણ સમજવો જોઈએ.

SLSH માં એક ક્રોસ (X) 'જુઓ' (See) સંદર્ભનો નિર્દેશ કરે છે, તેનો અર્થ એ કે આ પદો અથવા વાક્યાંશો હેઠળ કોઈ વિષય મથાળાં નહીં બને, પરંતુ તેઓએ કરેલ ઉદ્દેશ અનુસાર બે ક્રોસ (XX) 'વળી જુઓ' (See also) સંદર્ભનો નિર્દેશ કરે છે, તેના આધારે વિષય મથાળાં બનાવવામાં આવે છે.

**તમારી પ્રગતિ ચકાસો**

**નોંધ : i. નીચે આપેલ જગ્યામાં તમારો ઉત્તર લખો.**

**ii. એકમના અંતે આપેલ ઉત્તર સાથે તમારો ઉત્તર ચકાસો.**

**10. મુદ્રિત વિષય મથાળાંની યાદીઓ કેટલા પ્રકારની છે ? અને કઈ કઈ ?**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**11. સામાન્ય વિષય મથાળાં સૂચિઓ કેટલી છે ? અને કઈ કઈ ?**

.....................................................................

.....................................................................

.....................................................................

......................................................................

......................................................................

......................................................................

12. વિશિષ્ટ વિષય મથાળાં સૂચિઓ કેટલી છે ? અને કઈ કઈ ?

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

13. SLSH માંથી વિષય મથાળાં બનાવવા માટે ઉપયોગી ચિન્હો કયા કયા છે ? તે જણાવો.

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

14. SLSH સિયર્સ લિસ્ટ ઓફ સબ્જેક્ટ હેડિંગ્સ ની 20મી આવૃત્તિનો ઉપયોગ કરી નીચે આપેલા પાંચ ગ્રંથ નામોના વિષય મથાળાં આપો / બનાવો.

(1) **Dictionary of French Language**

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

(2) **Education and Manpower Planning**

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

(3) **Microelectronic Circuits**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(4) **The Encyclopedia of Chemistry**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(5) **Communication in Management**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 6.9 સારાંશ (Summary)

આ એકમની અંદર વિષય મથાળાં (Subject Headings) ની જરૂરિયાત, હેતુઓ, મૂળભૂત સિદ્ધાંતો, વિવિધ પદ્ધતિઓ, અલગ અલગ વિષય મથાળાંની યાદીઓ તેમજ તેની મર્યાદા અને SLSH નો પરિચય વગેરે મુદ્દાઓનો વિગતે ચર્ચા કરી છે. આ ઉપરથી એવું સાબિત થાય છે કે જ્યારે કોઈપણ વાચક ગ્રંથાલયમાં આવી તેને ઉપયોગી કોઈ એક વિષય ઉપરના પુસ્તકની માહિતી મેળવે ત્યારે સૂચિમાં એવી યુક્તિ હોવી જોઈએ કે જે સમયનો વ્યય કર્યા સિવાય તેને ઓછા સમયમાં પ્રાપ્ત કરી શકે. આ માટે ઉપયોગી વિષય મથાળાંની યાદીઓનું સંકલન વિગતે કરવામાં આવ્યું છે. સૌથી વધુ ઉપયોગ વિષય મથાળાં યાદી તરીકે Library of Congress List of Subject Headings છે. જેનો ઉપયોગ યુનિવર્સિટી કક્ષાના અને વિશિષ્ટ ગ્રંથાલયોમાં થાય છે. જ્યારે નાના અને મધ્યમ કદના શાળા ગ્રંથાલય, કૉલેજ ગ્રંથાલયોમાં 'Sears List of Subject Heading'નો ઉપયોગ કરવામાં આવે છે.

આ એકમની અંદર મુખ્યત્વે ચર્ચા SLSH ઉપર આધારિત છે. વિષય મથાળાં માટે પસંદ કરેલ પદો અને વાક્યાંશો જે તે ભાષા પ્રણાલી અનુસાર હોય છે, જે કેટલાક પ્રશ્નો ઊભા કરે

છે, પરંતુ તેનો આ એકમમાં નિરાકરણ લાવવામાં આવેલ છે. જો કે તે માટે 'જુઓ' (See) અને 'વળી જુઓ' (See also) સંદર્ભોની જરૂરિયાત ઊભી કરે છે. પરિણામે આ પ્રકારના કેટલાક સંદર્ભો સૂચિને વિસ્તૃત બનાવે છે, જેના ઉપભોક્તાઓ / વાચકો એક નોંધથી (Entry) બીજી નોંધ વચ્ચે અટવાતા રહેશે નહીં.

વિષય મથાળાં તૈયાર કરવાની વિવિધ પદ્ધતિઓની ચર્ચા વિગતે કરવામાં આવે છે, તેથી વિષય મથાળાંનાં કેટલાક ઉદાહરણોને તે સમજવા અને વિષય મથાળું નક્કી કરવામાં સરળતા રહેશે.

## 6.10 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (Answers to Self Check Exercises)

1. વિષયમથાળાંની પસંદગી માટેની ચાર રીતો છે જે નીચે મુજબ છે.
   - (a) વિષય મથાળાંની મુદ્રિત સૂચિ
   - (b) શૃંખલા કે સાંકળ પદ્ધતિ
   - (c) લાયબ્રેરી ઓફ કોંગ્રેસ લિસ્ટ ઓફ સબ્જેક હેડિંગ્સ (LCSH)
   - (d) સિયર્સ લિસ્ટ ઓફ સબ્જેક્ટ હેડિંગ્સ (SLSH)
2. વિષય મથાળાં પસંદગી કરવા માટે SLSH ના મહત્ત્વના નિયમો –
   - (1) વિષયનોંધોની ગોઠવણી વર્ણાનુક્રમ મુજબ કરવી.
   - (2) સમાન વિષય મથાળાંને અલગ દર્શાવવા માટે (,) અલ્પવિરામ ચિહ્નોનો ઉપયોગ કરવો.
   - (3) વિષય મથાળાંના ઉપવિભાજનને (Sub-division) દર્શાવવા માટે (–) લઘુરેખાનો ઉપયોગ કરવો.
   - (4) બે વિષયોને જોડવા માટે (–) Hyphen ચિહ્નનો ઉપયોગ કરવો.
   - (5) વિશેષતાઓના સમૂહને દર્શાવવા માટે ( ) લઘુકૌંસનો ઉપયોગ કરવો.
   - (6) પ્રલેખના વિષય મથાળાં માટે વિશિષ્ટ વિષયને પ્રાધાન્ય આપવું.
   - (7) સામાન્યતઃ બહુવચન ધરાવતા વિષય પદો જ પસંદ કરવા.
   - (8) સૌથી વધુ પ્રચલિત વિષય પદોનો ઉપયોગ કરવો.
   - (9) સમાનાર્થી પદો પૈકી એક પદ પસંદ કરી તેને જ સતત વળગી રહેવું.
   - (10) SLSH નો ઉપયોગ કરવા માટે ટૂંકાક્ષરી પદો તરીકે UF, SA, BT, NT અને RT પદોનો ઉપયોગ કરવો.
3. કોઈપણ ગ્રંથાલયમાં આવતા વાચકો કોઈપણ એક ચોક્કસ વિષય ઉપરના પુસ્તકો અથવા અન્ય વાચન સામગ્રી વિશે માહિતી મેળવતા હોય છે. ગ્રંથાલયમાં એવી વ્યવસ્થા હોવી જોઈએ કે તેમાં આવતા વાચકોના સમયનો વધુ વ્યય કર્યા વગર તેમના પ્રશ્નોના ઉત્તરો સરળતાથી મળી રહે. આ હેતુસર એક યુક્તિની શોધ કરવામાં આવી છે કે જેમાં પ્રલેખના વિષયવસ્તુ માટે એક અથવા એકથી વધુ વિષયોનોંધો બનાવવામાં આવે છે. અનુવાદ સૂચિમાં વિષયનોંધો તેનો હિસ્સો છે.

4. બે પ્રકારનાં નામાંતર સંદર્ભો હોય છે.

   (1) જુઓ (See) અને (2) વળી જુઓ (See also)

   (1) 'જુઓ' (See) સંદર્ભનો હેતુ ગ્રંથાલયના વાચકોને તે પદો અથવા વાક્યાંશો કે જેનો ઉપયોગ વિષય મથાળાંનાં રૂપમાં નથી કરવામાં આવ્યો. તેવા પદો અથવા વાક્યાંશોની તરફ નિર્દેશ કરવાનો છે કે જેનો ઉપયોગ વિવિધ મથાળાં તરીકે કરવામાં આવ્યો હોય.

   (2) વળી જુઓ (See also) સંદર્ભનો હેતુ વાચકોને તેમના વિષય સંબંધિત અન્ય વિષય સામગ્રીની ગ્રંથાલયમાં ઉપલબ્ધિ તરફ સૂચિત કરવાનો છે કે જે તે શોધી રહ્યો છે. તે વાચન સામગ્રી આધારિત, સંબંધિત વિષય સામગ્રી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે અને તેને પ્રાપ્ત કરવામાં તે મદદરૂપ નિવડશે.

5. નામાંતર સંદર્ભોના બે પ્રકાર છે.

   (1) જુઓ (See) અને (2) વળી જુઓ (See also)

6. વિષય મથાળાંના મૂળભૂત સિદ્ધાંતો ચાર છે.

   (1) સામાન્ય પ્રયોગ

   (2) મથાળાંમાં એકરૂપતા

   (3) પ્રત્યક્ષ તથા વિશિષ્ટ નોંધ

   (4) નામાંતર સંદર્ભો

7. વિષય મથાળાં શોધવાની મુખ્યત્વે બે પદ્ધતિઓ અને બીજી પેટા પદ્ધતિઓ પણ છે.

   (1) LCSH – લાયબ્રેરી ઓફ કોંગ્રેસ લિસ્ટ ઓફ સબ્જેક્ટ હેડિંગ્સ

   (2) SLSH – સિયર્સ લિસ્ટ ઓફ સબ્જેક્ટ હેડિંગ્સ

8. SLSH આધારિત વિષય મથાળાં મેળવવાના સ્વરૂપો પાંચ છે, જે નીચે મુજબ છે.

   (1) વિષય મથાળાંનું વ્યાકરણ

   (2) મિશ્ર વિષય મથાળાં

   (3) સ્વરૂપ દ્વારા ઉપવિભાજન

   (4) સ્થળ દ્વારા ઉપવિભાજન

   (5) વિષય દ્વારા સ્થળોના નામોને ઉપવિભાજીત કરવા વગેરે.

9. વિષય મથાળાં તૈયાર કરવા માટે ધ્યાનમાં રાખવા જેવા કેટલાક નિયમો નીચે મુજબ છે.

   (1) વિષય મથાળાંના પદો અને વાક્યાંશો સંદિગ્ધ હોવાં જોઈએ નહીં કે વિવિધ અર્થોવાળા.

   (2) બે નામોના સંયોજન દ્વારા વિષય મથાળાં બનાવી શકાય છે.

   (3) કેટલાક વિષયોને તેના સ્વરૂપ દ્વારા ઉપવિભાજિત કરી શકાય છે.

   (4) કેટલાંક અન્ય વિષય મથાળાંને સ્થળ નામોથી ઉપવિભાજીત કરી શકાય છે.

   (5) સ્થળ નામોને વિષય મથાળાં દ્વારા ઉપવિભાજન કરી શકાય છે.

10. મુદ્રિત વિષય મથાળાંની યાદીઓ બે પ્રકારનાં છે, જે નીચે મુજબ છે.

   (1) સામાન્ય વિષય મથાળાં યાદીઓ

   (2) વિશિષ્ટ વિષય મથાળાં યાદીઓ

11. સામાન્ય વિષય મથાળાં સૂચિઓ ત્રણ છે, જે નીચે મુજબ છે.
    (1) ALA List of Subject Headings For use in Dictionary Catalogues.
    (2) Subject Heading / use in the Dictionary Catalogue of the Library of Congress.
    (3) Sears List of Subject Heading.
12. વિશિષ્ટ વિષય મથાળાં સૂચિઓ બે પ્રકારના છે, જે નીચે મુજબ છે.
    (1) A Subject Headings for Children Material.
    (2) Aviation Subject Headings and Classification Guide.
13. SLSH માંથી વિષય મથાળાં બનાવવા માટે ઉપયોગી ચિહ્નો મુખ્યત્વે પાંચ પ્રકારના છે, જે નીચે મુજબ છે.
    (1) US = Used For – ઉપયોગ માટે વપરાયેલા શબ્દ
    (2) SA = See also – વળી જુઓ
    (3) BT = Broader Term – વ્યાપક પદ
    (4) NT = Narrower Term – સંકુચિત પદ
    (5) RT = Related Term – સંબંધિત શબ્દો / પદો
14. (1) French Language – Dictionary
    (2) (a) Manpower Planning
        (b) Curriculum Planning
    (3) Microelectronics
    (4) Chemistry – Encyclopedia
    (5) Management – Communication
        See also Communication Management

## 6.11 ચાવીરૂપ શબ્દો (Key Words)

- **BT (Broader Term) :** મુખ્ય મથાળાં કરતા શબ્દશૈલી વ્યાપક શબ્દ પહેલાનો એક સોર્સ કોડ છે. જે જુઓ (See) સંદર્ભ બ્રોડર ટર્મ (BT) થી લઈને વિષય મથાળાં સુધી પહોંચવાનું કાર્ય કરે છે અને તેથીજ તમામ / બધી જ સંકુચિત શરતો પૂર્ણ કરી શકાય છે.
- **સામાન્ય ઉપયોગ (Common Usage) :** સામાન્ય ઉપયોગ દ્વારા આપવામાં આવેલ વિષય સૂચિનું મૂળ સિદ્ધાંત દ્વારા સી. એ. કટર (C. A. Cutter) જણાવે છે કે, સૌથી વધુ પરિચિત અને પસંદગીયુક્ત વિષય મથાળું ઉપભોકતાઓ માટે તૈયાર કરવું જોઈએ નહીં કે સમાનાર્થી શબ્દો દ્વારા બિન પસંદ કરેલ મથાળું. બાકીની સમકક્ષ શરતો દ્વારા બની જાય છે.
- **સીધી નોંધ (Direct Entry) :** સીધી નોંધનો અર્થ એ થાય છે કે પસંદ કરેલાં મથાળાંનું 'સીધું' (Access Point) બનાવવું જોઈએ અને તે વર્ગના પેટા વિભાગ તરીકે બનાવવામાં આવતું નથી, જેની સાથે તે સંબંધિત છે તે. દા.ત., Flowers - Rose ને બદલે 'Rose' હેઠળ વિષમ મથાળું બનાવવું જોઈએ.
- **ભૌગોલિક રીતે પેટા વિભાજીત (May be Sub-divided geographically) :** ભૌગોલિક ક્ષેત્ર દ્વારા શીર્ષક / મથાળાંને પેટા વિભાજીત કરવાની પરવાનગી છે. જો જરૂરી હોય તો

તેની માહિતી માટે સૈદ્ધાંતિક કૌંસમાં કરવો. દા.ત., Hotels અને Motels – Kalkata.

- **સંકુચિત શબ્દ / પદ (NT – Narrower Term) :** શબ્દશૈલી રૂપી સોર્સ કોડથી આગળ વધારતો શબ્દ તે વિષય મથાળું. કૌંસ સંદર્ભ જ વિષય મથાળાં (BT) થી NT સુધી 'વળી જુઓ' (See also) ના સ્વરૂપથી બનાવવામાં આવે છે.
- **સંબંધિત શબ્દ પદ (RT – Related Term) :** સ્વતંત્ર પહેલાંનો એક થિયોરસ કોડ કે જે નોંધ સાથે સંબંધિત અથવા નોંધ સાથે સંકળાયેલ છે તેને પ્રાધાન્ય આપવામાં આવે છે. દા.ત., વિષય મથાળું એ વર્ગીકૃત સૂચિ સાથે સંબંધિત છે. તેથી વિષય મથાળું ગ્રંથાલય વર્ગીકરણ સાથે પણ સંબંધિત છે. પારસ્પરિક ધોરણે RT સંબંધિત શબ્દ વચ્ચે વળી જૂઓ નોંધ (See also) બનાવવામાં આવે છે.
- **'વળી જુઓ' (SA – See also) :** વળી જુઓ એ સૂચિકારને વધુ સ્પષ્ટ અને દસ્તાવેજો માટે યોગ્ય શરતો આધીન ધ્યાનમાં લેવા સૂચન કરે છે. દા.ત., હંમેશા કેટલીક શરતો 'વળી જુઓ (See also) પછી આપવામાં આવે છે.
- **જુઓ (See) :** ઉપભોક્તાઓને નહીં પસંદ મથાળાંથી પસંદગીના મથાળાં તરફ દોરતો એક સંદર્ભ.
- **વિષય મથાળાં (Subject Heading) :** વિષય મથાળાં એ વિષય વર્ણનકર્તા તરીકે પણ ઓળખાય છે. તે એક માનક કે શબ્દ, શબ્દસમૂહ અથવા શબ્દોની શબ્દમાળા તરીકે સામાન્ય વિશિષ્ટ વિષયનું પ્રતિનિધિત્વ કરે છે. વિષય મથાળું એ શબ્દભંડોળ કંટ્રોલનું એક તત્વ છે.
- **પેટા વિભાગો** (Sub-division) : પેટા વિભાગો એટલે વિષયના અવકાશને વધુ મર્યાદિત અને વિશિષ્ટ બનાવવા માટે પસંદ કરેલ વિષય મથાળાંમાં ઉમેરવામાં આવેલ એક શબ્દ અથવા વાક્ય. આ પેટા વિભાગના ચાર પ્રકારો છે :

  (1) વિષયો – Topical (2) ફોર્મ – Form (3) ભૌગોલિક – Geographical (4) ઘટનાક્રમ – Chronologic
- **તેના માટે વપરાયેલ (UF – Used Form) :** મુખ્ય નોંધમાં નહીં પસંદ કરેલ મથાળાં તરીકે સૂચિનોંધમાં બિનપસંદ મથાળાંને ઉપયોગી મથાળાં સુધીનો સંદર્ભ જુઓ.
- **એકરૂપતા (Uniformity) :** એકરૂપતા એ શબ્દભંડોળ નિયંત્રણનો એક સિદ્ધાંત છે. એકરૂપતા શબ્દની પસંદગી, તેના ફોર્મ, જોડણી અને નોંધના તત્ત્વ સાથે આધારિત હોય છે. સિયર્સ લિસ્ટ ઓફ સબ્જેક્ટ હેડિંગ્સના સમાનતાનો સિદ્ધાંત એ PRECIS અને KWIC જેવી બહુસૂચિકરણ પદ્ધતિઓ વિરૂદ્ધ SLSH એક પ્રવેશ પદ્ધતિ તરીકે ઉપયોગી બનાવે છે.
- **ઉપયોગ (USE) :** સૂચિકારને સૂચિનોંધ બનાવતી વખતે બિન ઉપયોગી મથાળાંની જગ્યાએ ઉપયોગી વિષય મથાળું વાપરવાનો દિશા બતાવે છે. દા.ત., Civil Liberty, USE Freedom.
- **સમાનાર્થી (Synonyms) :** કોઈ વિષમ ક્ષેત્રમાં એક જ અથવા સમાન અર્થોવાળાં પદો હોય છે. તેના બે પ્રકારો છે : (1) સમતુલ્ય પદો અને (2) સમાનાર્થી પદો. ખરા અર્થમાં સમાનાર્થી પદોનો એક સમાન અર્થ હોય છે અને તે એક જ સંદર્ભમાં વપરાય છે. જ્યારે સમતુલ્ય અર્થવાળા પદો તેના જેવા જ અર્થો ધારણ કરે છે.

## 6.12 સંદર્ભો અને વિશેષ વાંચન (Reference and Further Reading)


AACR–2 (1978) Background and Summary, Library of Congress Information Bulletin 47, PP. 640-652.

Angell, Richard S. (1972) "Library of Congress Subject Headings – Review and Forecast. In Hans (Hanan) Wellisch and Thamas D. Wilson, eds. Subject Retrival in the Severaties. Westpor Conn : Greenwood, PP. 143-163.

Carmen, Revira and Caroline Rayes (1986) Sear's List of Subject Headings 13th Ed. New York : H. W. Wilson.

Chan, Lois Mai (1985) Cataloging and Classification : An Introduction, New York : McGrow-Hill Book Company, PP. 167-185.

Chan, Lois Mai (1986) Library of Congress Subject Headings. Littleter : Libreries Unlimited, P. 13-44, 146-155

Daily, Jay E. (1957) Subject Headings and the Theory of Classification, American Documentation 7; PP. 269-274.

Sood, S. P. (2002) Knyatmak Suchikaran : AACR–2 (Hindi) 2nd Ed. Jaipur : Raj Publishing House, PP. 49-66.

Wynar, B. S. (1985), Introduction to Catalogue and Classification, 7th Ed. Littletor : Libraries Unlimited.

બરોડિયા, નવીન અને ભૈયા, છગન (1984), ગ્રંથાલય સૂચિકરણ, અમદાવાદ : મૌવિક પ્રકાશન; PP. 82-85.

ભાવસાર, કિરીટ અને શાહ, ચેતના (2010) AACR-2R : સૂચિકરણ પ્રાયોગિક, અમદાવાદ : પાર્શ્વ પબ્લિકેશન, PP. 160-169.

ભૈયા, છગન (2013) ગ્રંથાલય સૂચિકરણ પ્રવેશિકા, અમદાવાદ : પાર્શ્વ પબ્લિકેશન, PP. 82-84, 90-96.


★ ★ ★